## પ્રશ્નપત્ર - 1

## SKP SCHOOL - RAJKOT

### વિષય : ગુજરાતી

ધોરણ : 10 | સમય : 3 કલાક | કુલ ગુણ : 80

સૂચનાઓ : (1) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગો આપેલા છે. (2) દરેક વિભાગના 20 ગુણ છે.
(3) દરેક વિભાગમાં સૂચના મુજબ પ્રશ્નો લખવા. (4) પ્રશ્નોના જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.

### વિભાગ – A

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** [04]

| (A) | (B) |
|---|---|
| 1. ગતિભંગ | (અ) નવલિકા |
| 2. છત્રી | (બ) પ્રવાસ |
| 3. હિમાલયમાં એક સાહસ | (ક) લોકકથા |
| 4. જન્મોત્સવ | (ડ) હાસ્ય-નિબંધ |
| | (ઈ) લઘુકથા |

**(બ) આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** [04]

(5) રામે .................... નામની રાક્ષસીનો વધ કરેલો. (મંથરા, તાડકા, પૂતના)

(6) આહ્‌વાની ગલીકૂંચીઓમાં લેખક ...................... લઈને રખડયા. (સાઈકલ, ગાંડુ, બાઈક)

(7) ગિરિમાળાનો ધોધ .................... નદી પરથી પડતો. (ગિરા, નર્મદા, તાપી)

(8) ઝૂંપડામાં .................. કણસી રહી હતી. (સવલી, માણકી, દેવકી)

**(ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાકયમાં ઉત્તર લખો.** [02]

(9) શતાવધાની શકિત એટલે શું ?

(10) શાના માનમાં આદિવાસીઓ ફટાકડા ફોડતા હતા ?

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાકયોમાં ઉત્તર લખો. (કોઈ પણ બે)** [04]

(11) આંબા પટેલને મણાર શા માટે જવું પડયું ?

(12) લેખકની મુસાફરી યાત્રા શા માટે બની રહેતી ?

(13) નરેન જે મનીષાને ઓળખતો હતો તે મનીષા કેવી હતી ?

**(ઈ) નીચે આપેલા પ્રશ્નોના આઠ-દસ વાકયોમાં મુદ્દાસર ઉત્તર લખો. (કોઈ પણ બે)** [06]

(14) નવજાત બાળકની કરુણતાને તમારા શબ્દોમાં લખો.

(15) રાજુની મનોવ્યથા તમારા શબ્દોમાં આલેખો.

(16) ઢેલ ઘોડીની વફાદારી અને ખાનદાની વિગતે વર્ણવો.

### વિભાગ – B

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો.** [04]

| કૃતિ | પ્રકાર |
|---|---|
| 17. શીલવંત સાધુને | (અ) ગઝલ |
| 18. બોલીએ ના કાંઈ | (બ) લોકગીત |
| 19. ચાંદલિયો | (ક) ગીત |
| 20. દીકરી | (ડ) પદ |
| | (ઈ) ભજન |

**(બ) આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** [04]

(21) વૈષ્ણવજન કાવ્ય .................... ને અતિ પ્રિય હતું. (દયારામ, ગાંધીજી , મીરાં)

(22) શીલવંત સાધુને .................. માં પ્રીત હોય છે. (જ્ઞાન, મોહ , પરમાર્થ)

(23) કવિ સ્નેહનું ઝરણું .................. ને કહે છે. (દીકરી, પત્ની, પુત્ર)

(24) કવિએ ગરવી ગુજરાતી ભાષાને ..................... કહી છે. (મદમાતી, લચકાતી, રાતીમાતી)



www.wingofeducation.com

**(ક) નીચે આપેલા પ્રશ્નોના એક વાકયમાં ઉત્તર લખો.** **[02]**

(25) શીલવંત સાધુના ચિત્તની વૃત્તિ કેવી હોય છે ?

(26) ગરીબ સ્ત્રીની ચૂંદડી કયાં સુધી સાથે રહે છે ?

**(ડ) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાકયોમાં ઉત્તર લખો. (કોઈ પણ બે)** **[04]**

(27) કવિ કયાં સુધી મહુડાની છાંય તળે પડી રહેવા માંગે છે ?

(28) કાવ્યનાયિકા સખીને પોતાના પતિ વિશે શું કહે છે ?

(29) સત્યના આયુધની કઈ વિશેષતા છે ?

**(ઈ) નીચે આપેલા પ્રશ્નોના આઠ-દસ વાકયોમાં મુદ્દાસર ઉત્તર લખો. (કોઈ પણ બે)** **[06]**

(30) 'દિવસો જુદાઈના જાય છે' ગઝલમાં ગનીની મનઃસ્થિતિ તમારા શબ્દોમાં વર્ણવો.

(31) 'બોલીએ ના કાંઈ' કાવ્યમાં કવિ માણસને શો જીવનબોધ આપે છે.

(32) વતનથી વિદાય થતા કાવ્યના કવિની વેદના તમારા શબ્દોમાં વર્ણવો.

## વિભાગ – C

● **માગ્યા પ્રમાણે ઉત્તર લખો.** **[20]**

**નીચેના વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો.**

(33) નીચેના શબ્દોની સાચી જોડણી શોધીને લખો. [01]

વિદાર્થી (વિદ્યાર્થી, વિધ્યાર્થી, વિધ્યાથી)

ચતુમાસ (ચાતુર્માસ, ચાતૂર્માસ, ચાતુમાર્શ)

(34) આપેલ શબ્દની સાચી સંધિ જોડો [01]

ગૈ + અક (ગાયક, ગોયક, ગયક)

(35) આપેલ શબ્દનો સમાસ ઓળખાવો. [01]

સૂર્યાસ્ત (તત્પુરુષ સમાસ, દ્વન્દ્વ સમાસ, કર્મધારાય સમાસ)

(36) બંને શબ્દના જોડણીભેદે થતો અર્થભેદ જણાવો. [01]

કોશ-કોષ

(37) આપેલ વાકયમાંના અલંકારનો પ્રકાર જણાવો. [01]

આ પોતાની ડોલ છે. (અનન્વય અલંકાર, શ્લેષ અલંકાર, ઉપમા અલંકાર)

(38) આપેલ શબ્દમાં કયો પ્રત્યય રહેલો છે ? [01]

અર્પિત (પૂર્વ પ્રત્યય, પર પ્રત્યય, એક પણ પ્રત્યય નહીં)

(39) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ શોધીને લખો. [01]

1. સખી (સાક્ષી, બહેનપણી, સખ્ય)

2. અદેખાઈ (ઈર્ષાળુ, ઈર્ષા, દેખીતું)

(40) આપેલ સંજ્ઞાનો આપેલ વિકલ્પોમાંથી સાચો પ્રકાર લખો. [01]

આસું (જાતિવાચક સંજ્ઞા, ક્રિયાવાચક સંજ્ઞા, દ્રવ્યવાચક સંજ્ઞા)

● **નીચેના પશ્નોના માગ્યા મુજબ જવાબ લખો.**

(41) નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપો. [01]

'હૈયે જડાઈ જવુ'.

(42) નીચે આપેલ કહેવતનો અર્થ લખો. [01]

છાશ લેવા જવું અને દોણી સંતાડવી.

(43) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. [01]

ચોક્કસ સમયગાળાનું

(44) નીચેના શબ્દનો વિરોધી શબ્દ લખો. [01]

સ્થૂળ

(45) અમે જીવલાને ઘેર પહોંચ્યા – કર્મણી વાકયમાં ફેરવો. [01]

(46) નીચેના તળપદા શબ્દનું શિષ્ટ રૂપ જણાવો. [01]

આલવું



www.wingofeducation.com

(47) નીચેના વાક્યમાંથી વિશેષણ શોધી તેનો પ્રકાર જણાવો. [01]
'સ્વચ્છ હોસ્પિટલો મોંઘી હોય છે.'

(48) નીચેના વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધીને તેનો પ્રકાર જણાવો. [01]
મીનાએ ઝડપથી જવાબ લખ્યો.

(49) આપેલ શબ્દના ધ્વનિ ઘટકો (સ્વર – વ્યંજન) છુટા પાડો. [01]
ખાંડણીયું

(50) નીચેના વાક્યની પ્રેરક વાક્ય રચના બનાવો. [01]
શ્રીમદ્ રાજચંદ્રએ રંગૂનમાં પણ ઝવેરાતની પેટી ખોલી હતી.

(51) નીચેની પંક્તિનો છંદ ઓળખાવો. [01]
નેણે ખુશી, વેણે – ખુશી, હાલે ખુશી, ચાલે ખુશી

(52) આપેલ છંદનું બંધારણ જણાવો. [01]
પૃથ્વી

## વિભાગ – D

**53. નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં અર્થ વિસ્તાર કરો. [04]**

ઉગે કમળ પંકમાં તદપિ દેવ શિર ચડે,
નહિ કુળથી કિન્તુ મૂલ્ય મૂલવાય ગુણો વડે.

**અથવા**

'દુઃખીના દુઃખની વાતો, સુખીના સમજી શકે,
સુખી જો સમજે પૂરું, દુઃખ ના વિશ્વમાં ટકે.

**54. તમારી શાળામાં યોજાયેલ રમતોત્સવનો અહેવાલ આશરે એકસો શબ્દોમાં તૈયાર કરો. [04]**

**55. નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો. [04]**

પશ્ચાત્તાપ એ એક કિંમતી ધર્માનુભવ છે. જે વાસણ માટી કે રાખથી સાફ થતાં નથી તે તેજાબથી સાફ થાય છે. ને કાટ બધો ઓગાળી કે બળી જઈ વાસણ ચમકવા માંડે છે. તેવી જ રીતે ધર્મજીવન પર બાઝેલી કેટલીય શિથિલતા પશ્ચાતાપથી દૂર થઈ જાય છે અને માણસ એકાએક પલટો ખાય છે. ખરેખર પશ્ચાતાપની અસર તેજાબથી ઓછી નથી હોતી. સૃષ્ટિ માટે એમાંય માનવજીવન માટે ઈશ્વરની યોજના છે, મંગળ અને પવિત્ર. એમાં ભંગાણ પડી શકે માનવીની મૂર્ખાઈથી, પણ એ ભંગાણ પાછું સંધાય છે. માનવીના પશ્ચાતાપથી અને ઈશ્વરની અનહદ કૃપાથી આખરે એની એ દિવ્ય યોજના આગળ ચાલવાની જ.

**56. ગમે તે એક વિષય પર આપેલા મુદ્દા આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો. [08]**

'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'
(પ્રસ્તાવના – ઠેરઠેર જોવા મળતી ગંદકી – સ્વાસ્થ્ય પર અસર – સ્વચ્છતાનું મહત્ત્વ – વ્યક્તિથી રાષ્ટ્ર સુધી સ્વચ્છતા – આપણી ફરજો – ઉપસંહાર)

**અથવા**

'વૃક્ષો ઉગાડો, પર્યાવરણ બચાવો'
(પ્રસ્તાવના – પર્યાવરણની વર્તમાન સ્થિતિ – પર્યાવરણને હાનિકર્તા બાબતો – પર્યાવરણને બચાવવાના ઉપાયો – ઉપસંહાર)

**અથવા**

'દીકરી, ઘરની દીવડી'
(પ્રસ્તાવના- દીકરી ભગવાનનું વરદાન – વ્હાલનો દરિયો – સૃષ્ટિનો આધાર – શીલ, સંસ્કાર, સહનશીલતાની મૂર્તિ – વીરાંગના – ઉપસંહાર)



www.wingofeducation.com